R.N.I. No. : GUJGUJ/2000/447-
Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

(મો)૯૮૨૫૧૬૯૩૮૬
ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬

વેબ સાઇટ :http://jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

YEAR-27 • ISSUE: 16 DATE: 21-04-2018• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One •YERLY-SUB:Rs. 60/-

(સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો)
આપનું લવાજમ બાકી છે?હા ( ) -ના ( )

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

## એટ્રોસીટીની ફરિયાદોમાં મંજુરી વગર આરોપીની અટકાયત ન કરવા નો પરિપત્ર જારી : ગુજરાતભરમાં સુપ્રીમ કોર્ટના ચુકાદાનો અમલ શરુ કરવા ઉતાવળી બનેલી પોલીસની સુચના

સુપ્રીમ કોર્ટના ચુકાદાને કારણે એટ્રોસીટી એકટની હળવી થયેલી જોગવાઈઓનો અમલ ગુજરાતમાં થઇ ચુક્યો છે.રાજ્યમાં એક પછી એક તમામ જિલ્લા પોલીસ અધિક્ષકો પોતાના તાબા હેઠળના પોલીસ સ્ટેશનોમાં એટ્રોસીટીની ફરિયાદોમાં મંજુરી વગર આરોપીની અટકાયત ન કરવા પરિપત્રો જારી કરી રહ્યા છે.

૨૦મી માર્ચે સુપ્રીમના ચુકાદા બાદ દેશભરમાં દલિતો, આદિવાસીઓમાં રોષ ભભુકી ઉઠ્યો હતો.ખુદ ભાજપના નેતાઓ જ એટ્રોસીટી એક્ટમાં ફેરફાર સામે નારાજગી દર્શાવી રહ્યા છે.દલિત,આદિવાસી કર્મશીલો સુપ્રીમ માં ચુકાદા સામે ભારત સરકાર સમક્ષ વટહુકમ લાવવાની માંગણી કરી રહ્યા છે.ત્યારે ગુજરાત પોલીસના પરિપત્ર અને તેના અમલની ઉતાવળ સામે સવાલો ઉઠ્યા છે.સુપ્રીમ કોર્ટે તો ૭ વર્ષ સુધીની સજા હોય તેવા ગુનાઓમાં આરોપીને પોલીસ સ્ટેશનમાં જ પોલીસ દ્વારા જ જામીન આપવા માટે પણ ચુકાદો આપ્યો છે. એટલું જ નહીં પણ રજુઆત મળ્યાના ૨૪ કલાકમાં એફઆઈઆર રજીસ્ટ્રેશન કરવાનો પણ ચુકાદો આપ્યો છે.નાગરિક અધિકારને સંરક્ષિત કરતા અનેક ચુકાદાઓ સુપ્રીમ કોર્ટે આપ્યા છે.આમ છતાંય ગુજરાત સરકારને આધિન પોલીસ ક્યારે તેના અમલ માટે આટલી ઝડપથી પરિપત્રો નથી કર્યા.એટલું જ નહીં પણ રાજ્યમાં તેનો અમલ પણ થતો નથી.

એટ્રોસીટી એક્ટને પડકારતી પીટીશનના સંદર્ભમાં સુપ્રીમ કોર્ટે તેની જોગવાઈઓ હળવી બનાવતો ચુકાદો આપતાંજ દેશભરમાં દલિત સંગઠનો અને નેતાઓમાં રોષ ફાટી નીકળ્યો હતો.સરકારે રીવ્યુ પીટીશન ફાઈલ કરી પરંતુ સુપ્રીમ કોર્ટે પોતાનો ચુકાદો સુધારવાનો કે સ્ટે આપવાનો સ્પષ્ટ ઈન્કાર કરી દીધો.

સુપ્રીમ કોર્ટના ચુકાદાથી બંધનું એલાન આપવામાં આવ્યુ હતું. અને હિંસા થઈ હતી. જો કે સુપ્રીમ કોર્ટનું માનવું છે કે તેમના ચુકાદાનું અર્થઘટન ખોટુ થયું છે.

## અઢાર વર્ષના ઇતિહાસમાં પહેલી વાર બજેટ સત્રમાં ઓછી કામગીરી : સરકાર માટે કાળી ટીલી સમાન

સંસદનું બજેટ સત્ર ભારે શોરબકોર અને હોબાળા વચ્ચે સમાપ્ત થયું. આ સત્ર છેલ્લા ૧૮ વર્ષમાં સૌથી ઓછુ કામ કરનાર સત્ર હતું.મતલબ કે કોઈ ખાસ કામગીરી શક્ય બની નહીં.આ બજેટ સત્રમાં બંન્ને ગૃહોના કુલ મળીને આશરે ૨૫૦ કલાક બગડ્યા. જે નરેન્દ્ર મોદી સરકાર માટે કાળી ટીલી સમાન છે.સંસદમાં મઠાગાંઠ માટે ભાજપ અને કોગ્રેસ સહિતના વિપક્ષો એકબીજા પર આરોપો મુકી રહ્યા છે. સંસદીય બાબતોના મંત્રી અનંતકુમારે આપેલા આંકડામાં સેશનના પાર્ટ વનમાં લોકસભાની કામગીરી ૧૩૪ ટકા રહી જ્યારે રાજ્યસભાની તે ૯૬ ટકા રહી. પાર્ટ વનમાં લોકસભાના સાત અને રાજ્યસભાના આઠ સીટીંગ્સ રહ્યા હતા.પરંતુ પાંચ માર્ચે શરુ થયેલા આ બજેટ સત્રના બીજા પાર્ટની કામગીરી અવરોધ અને મોકુફીને કારણે સાવ શક્ય બની નહોતી.સરકાર વિરુધ્ધ અવિશ્વાસનો ઠરાવ આવ્યો હતો પરંતુ તે અવરોધ અને મોકુફીને કારણે ચર્ચામાં આવ્યો નહોતો.

## નોટબંધી બાદ રોકડની અછતે દેશભરમાં હાહાકાર મચાવી દીધો : નાણાંની અછતથી દેશના ૧૦ રાજ્યોમાં ૭૦ ટકા એટીએમ નાણાં વગરના ખાલીખમ બન્યા

દેશભરના ૧૦થી વધુ રાજ્યોમાં આવેલા ૭૦ ટકા એટીએમ ખાલીખમ બન્યા હતા.રોકડની અછત સર્જાઇ હતી. નોટબંધી બાદ દેશમાં નાણાંકીય વ્યવહારમાં લોકોને ભારે તકલીફોનો સામનો કરવો પડ્યો હતો.દેશભરમાં અક્ષય તૃતીયાનો તહેવાર જે દિવસે લોકો સોના-ચાંદીની ખરીદી કરતા હોય છે તેઓ રોકડની ખરીદીને કારણે ખરીદી કરી શક્યા નહોતા.રોકડની અછતને કારણે અડધા દેશમાં હાહાકાર મચી ગયો હતો.રોજીંદી જરુરીયાતો માટે,લગ્નથી માંડીને સારવાર માટે લોકો પૈસા વગર વલખાં મારી રહ્યા છે.મધ્ય પ્રદેશ,બિહાર,યુ.પી, ઉત્તરાખંડ,ગુજરાત, તેલંગાણા, આંધ્રપ્રદેશ, કર્ણાટક, સહિતના ૧૦ થી વધુ રાજ્યોમાં રોકડની અછત વર્તાઇ રહી છે. ગુજરાત સહિતના સંખ્યાબંધ રાજ્યોમાં બેન્કોએ રોકડ ઉપાડ માટેની મર્યાદા લાદી દીધી છે.

અમદાવાદ સહિત સમગ્ર રાજ્યમાં મોટાભાગની બેન્કોના એટીએમ ખાલી છે. નોટબંધી પછી વધુ એક વખત નાણાંની કૃત્રીમ તંગીથી ગરીબથી લઈને તવંગર પરેશાન થઈ રહ્યા છે.નોટબંધી પછી નાણાંની કૃત્રિમ તંગી ઊભી થતાં લોકોમાં ગભરાય ફેલાયો છે.આવી તંગી ઊભી કરીને સરકાર ક્યાય ખાનગી વોલેટને ફાયદો થાય તેવા પ્રયાસ તો નથી કરી રહીને ? તેવો સવાલ લોકોમાં ઉઠ્યો છે.છતે પૈસે લોકો પૈસા વગરના બની ગયા છે. ખાતામાં રુપીયા છે પરંતુ એક રુપીયો ખર્ચ કરવા મળતો નથી.

ડીજીટલ ટ્રાન્ઝેકશનનો વ્યાપ વધે તે માટે સરકાર ઘણા સમયથી પ્રયત્ન કરી રહી છે. પરંતુ તેમાં સફળતા નથી મળી રહી.ખાનગી વોલેટ મોટી સંખ્યામાં ખુલી ગયા છે.પરંતુ તેનો ઉપયોગ કરનારા મર્યાદિત છે. આવા વોલેટમાં વ્યવહાર વધે તે માટે શું કરવું જોઈએ ? તેવા કથિત સવાલમાં કોઈકે એટીએમમાં પૈસા જ નહીં ભરવા કહ્યુ હોય તેના કારણે તમામ એટીએમ ખાલી થઈ ગયાની પણ લોકોમાં ચર્ચા ઉઠી છે. ગુજરાતમાં જુદી જૂદી બેન્કોના મળીને ૧૧૯૧૪ એટીએમ છે. જ્યારે સમગ્ર દેશમાં ૨,૨૧,૬૫૮ એટીએમ છે.દેશમાં આ એટીએમ પૈકી ૮૦ ટકા ખાલી છે.તેમાં પૈસાજ ભરવામાં આવતા નથી.અખાત્રીજ જેવા તહેવારના દિવસે પૈસા માટે લોકોએ રઝળપાટ કરી હતી પરંતુ બહુ ઓછી વ્યક્તિઓના હાથમાં રોકડ રકમ આવી હતી.જે એટીએમ પર પૈસા હોય ત્યાં લાબી લાઈનો જોવા મળી હતી.નોટબંધીની માફક લોકોએ પોતાના ઓળખીતા અને મિત્રો સાથે ક્યાં ક્યાં એટીએમમાં પૈસા છે તેની માહીતી શેર કરવાનુ ચાલુ કર્યુ છે. મોડી રાત્રે પણ લોકો પૈસા માટે એટીએમ શોધતા નજરે પડે છે.

જો સરકાર તેમના ઈરાદાઓને પ્રજા પર થોપી દેવા માટે પ્રજાને રંજાડવાનો પ્રયત્ન કરતી હોય તો તે લોકોની સરકાર કહેવી મુર્ખાઇ ગણાશે.દેશમાં ચારેકોર ભાર અનર્થ જોવા મળી રહ્યો છે કદાચ આને અચ્છે દિન કહેવાતા હશે.

## ન્યાયતંત્ર અને સરકારી ભાઇચારાથી લોકશાહીને નુકશાન થાય છે : સુપ્રીમ કોર્ટ જસ્ટીશ ચેલમેશ્વર

સુપ્રીમ કોર્ટના સૌથી વરિષ્ઠ ન્યાયમુર્તિ જસ્ટીસ ચેલમેશ્વરે મુખ્ય ન્યાયમુર્તિ દિપક મિશ્રાને પત્ર લખીને હાઈકોર્ટના ન્યાયમુર્તિઓની નિમણુંકમાં સરકાર દ્વારા થઈ રહેલા હસ્તક્ષેપના મુદ્દે ફુલ કોર્ટમાં ચર્ચા યોજવા સુચવ્યું છે.તેમણે પત્રમાં લખ્યુ છે કે ન્યાયતંત્ર અને સરકારી તંત્રના ભાઈચારાથી લોકશાહીને નુકશાન થાય છે.મુખ્ય ન્યાયમુર્તિને પાઠવવામાં આવેલા પાંચ પાનાના પત્રની નકલ સુપ્રીમ કોર્ટના અન્ય ૨૨ ન્યાયમુર્તિઓને પણ પાઠવવામાં આવી છે.પત્રની નકલ અન્ય ન્યાયમુર્તિઓને એટલા માટે પાઠવવામાં આવી છે કે અગાઉ જ્યારે ચાર વરિષ્ઠ ન્યાયમુર્તિ રંજન ગોગાઈ,મદન બી લોકુર,કુરિયન જોસેફ અને ચેલમેશ્વરે ૧૨ જાન્યુઆરીના રોજ પત્રકાર પરિષદ યોજીને તેમણે મુખ્ય ન્યાયમુર્તિને પાઠવેલા પત્ર પર પગલાં લેવાઈ રહ્યા ના હોવાની ફરિયાદ કરી ત્યારે અન્ય ન્યાયમુર્તિઓએ ટીકા કરી હતી કે પત્રકાર પરિષદ યોજતી વખતે તેમને વિશ્વાસમાં લેવામાં આવ્યા નહોતા.આ પ્રકારની ટીકાથી બચવા ૨૨ ન્યાયમુર્તિઓને પત્રની નકલ પાઠવી છે.

જસ્ટીસ ચેલમેશ્વરના પત્ર પર ૨૧ માર્ચના રોજ હસ્તાક્ષર થયેલા છે.પત્રમાં તે મુદ્દા પર ધ્યાન દોરવામાં આવ્યું છે કે સરકાર હાઈકોર્ટના ન્યાયમુર્તિઓની નિમણુંક માટે સુપ્રીમ કોર્ટના કોલેજીયમ દ્વારા થતી રહેતી ભલામણોની પસંદગીના ધોરણે સ્વીકાર કરી રહી છે? સરકારને જે નામ અનુકુળ ના હોય તેની અવગણના પણ કરે છે. સરકારનું આ વલણ ન્યાયતંત્રની સ્વાયત્તતાને પ્રભાવિત કરે છે.આ સ્થિતિ અંગે આ ફુલ કોર્ટની બેઠક બોલાવીને ચર્ચા કરવા પત્રમાં સુચવવામાં આવ્યું છે.ન્યાયતંત્રના વહીવટને મુદ્દે જાહેર મહત્વની બાબતો સંકળાયેલી હોય ત્યારે મુખ્ય ન્યાયમુર્તિ ફુલ કોર્ટની બેઠક બોલાવતા હોય છે.

### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.તમારી જાગૃતા અમારુ બળ છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર
અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઇટ ઉપર તથા ફેસબુક http://facebook.com/robin.dholakiaઉપર નવક્રાન્તિ સાપ્તાહિક જોઇ શકાશે.

# નવ ક્રાંતિ

દેશમાં યુપીએ સરકારના વખતમાં બનેલા ગુનાઓ અને કસુરવાર ગુનેગારોને એનડીએની સરકારમાં આરોપ સિધ્ધ થયા હોવા છતાં છોડી મુકવામાં આવે તો તેનો અર્થ એ થાય છે કે સત્તા મેળવવા માટે આચરાયેલા ગુનાઓમાં આ બધાજ ભાગીદાર હતા.સીબીઆઇ અને એનઆઇએને સરકારે તેમના પાલતુ પોપટો બનવી દીધા છે.ત્રાસવાદ સામે લડવાના ઉદ્દેશ્યથી રચાયેલી નેશનલ ઇન્વેસ્ટીગેશન એજન્સીના મક્કા મસ્જીદ વિસ્ફોટ કેસમાં વધુ એક વખત પુરવાર થયું છે.આ વિસ્ફોટના તમામ આરોપીઓને નિર્દોષ છોડી મુકવામાં આવ્યા.૨૦૧૪માં ભાજપની સરકાર રચાયા બાદ આ કેસના એક પછી એક સાક્ષીઓ ફરી ગયા.કેટલાક આરોપીઓએ ગુનાની કબુલાત કરી હોવા છતાં નિર્દોષ છોડી મુકાયા.સીબીઆઇએ એન્કાઉન્ટર કેસના આરોપીઓને છોડી મુકવામાં તેમના રાજકીય આકાઓના ઇશારે કામ કર્યુ છે.જેમણે નથી કર્યું તેમનો બદલી નાંખવામાં આવ્યા કાં તો તેમનો એકડો કાઢી નાંખવામાં આવ્યો.એનઆઇએ અને સીબીઆઇ આરોપીઓ સામેના કેસ પુરવાર કરવામાં જાણીબુઝીને નિષ્ફળ ગઇ છે.

ન્યાયતંત્રના સીનીયર જજો કેટલાક સમયથી ભુમો પાડી રહ્યા છે કે દેશની લોકશાહી ખતરામાં છે.તેઓ સ્પષ્ટતા પુર્વક કહેતા નથી પરંતુ એ વાત જેને સમજાય છે તે જાણી ગયા છે કે લોકશાહીને માત્ર રાજ્યસત્તાથી જ ખતરો છે અને તે ખતરો કોના તરફથી છે તેના તરફ પણ ઇશારો કરી દેવાયો છે.છતાં હવે દેશની પ્રજાએ નક્કી કરવાનું છે કે જેમણે તેમનો અવાજ બુલંદ કર્યો છતાં જનતાના બહેરા કાને તે અથડાયો નહી, તો ઇતિહાસ દેશની જનતાને માફ નહીં કરે.

હવે દેશમાંથી રોકડ ગુમ થઇ ગઇ છે અને રોકડ નોટોનો કકળાટ ચાલુ થઇ ગયો છે.શું દેશમાં સત્તા પર બેઠેલા લોકોને દેશની પ્રજાને બેવકુફ બનાવવા માટે હજુ કેટલો સમય જોઇએ છે અને પ્રજાને પણ આ બધું સહન કરી લેવા માટે કેટલા સમય જોઇએ છે તે નકકી કરવાનું છે.સતત વધતી જતી મોંઘવારી, નોટબંધી,જીએસટી,રોકડની અછત,બેન્કોના ગોટાળા વિગેરે કૌભાંડોની પરંપરા છતાં દેશની પ્રજા અને ભક્તોની ઉંઘ ઉડતી નથી તે નવાઇની બાબત છે.ખેર,૨૦૧૯માં પ્રજામત કોની તરફેણમાં ઝુકે છે તે જોવાનું રહ્યું ?

ચોરી કરતો નથી અને કરવા દેતો નથી એમની નજર સામે ગાંધીનગરમાં જમીન વિકાસના દફતરમાંજ અધિકારીઓની કેબીનો અને ટેબલોમાંથી લાખો રુપીયા એન્ટી કરપ્શનને મલી આવ્યા.છેલ્લા કેટલાક વર્ષોથી સરકારી અધિકારીઓમાં ખાયકીનું પ્રમાણ વધી ગયા હોવાનું ચર્ચાતું હતું પરંતુ તેના કોઇ પુરાવા મળતા નહોતા. એટલે રાજકારણીઓ જેઓ સત્તા પર બેઠેલા છે તેઓ તેમની આગળની સરકારોના વહીવટને વખોડતી હતી. પરંતુ હવે આ તો તેમના રાજ્યમાં બનેલી ઘટના છે.

કૌભાંડો,ભ્રષ્ટાચારો અને એવા અનેક બખંડજંતર તાજેતરમાં દેશભરમાંથી બહાર આવવા માંડ્યા છે તેના પરથી એવું દેખાય છે કે દેશમાં અંધાધુધી ફેલાઇ ગઇ છે.રામરાજ્યની કલ્પના કરવી પણ હવે ઘોર પાપ સમાન લાગે છે.ગાંધીને નામે ગઠીયા તર્યા તેવી ઉક્તિ પ્રચલિત હતી પરંતુ હવે રામના નામે પણ ગઠિયાઓ તરી રહ્યા છે તેવું પ્રચલિત બને તો નવાઇ નહીં રહે.૨૦૧૯ની ચુંટણીમાં કેટલા અને કેવા સજ્જનોને પ્રજા ચુંટે તે પરથી નક્કી થશે.

AGNELO FREE MARRIAGE SERVECES, INDIA
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

જાહેર ખબરના ભાવ

આખુ પાન રૂ.૧૦૫૦૦ અર્ધુ પાન રૂ.૫૦૦૦
૧/૪ પાન રૂ.૨૫૦૦ ૧/૮ પાન રૂ.૧૦૦૦
વાર્ષિક પેનલ રૂ.૭૨૦૦ માસિક પેનલ રૂ.૧૦૦૦
ટચુકડી જાહેરાત રૂ.૫૦૦
વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબારો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી
સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

## કથુઆ,ઉન્નાવ બળાત્કારી જઘન્ય ઘટનાઓથી સમગ્ર દેશભરમાં આક્રોશ: પોલીસતંત્રની આરોપીઓ સાથે મીલી ભગત: કેન્દ્ર અને રાજ્ય સરકારોની ચુપકીદી

જમ્મુ કાશ્મીરના કથુઆ અને ઉત્તરપ્રદેશના ઉન્નાવમાં બનેલી બળાત્કારની બે જઘન્ય ઘટનાઓના પગલે રાજ્ય અને કેન્દ્ર સરકારની ઘેરી ચુપકીદી અને પોલીસ તંત્રની આરોપીઓ સાથેની મીલીભગત સામે સમગ્ર દેશમાં જન આક્રોશ ફાટી નીકળ્યો છે.બળાત્કાર અને હત્યા જેવી નિર્લજ્જ અને કદાપિ માફ ન કરી શકાય તેવી ઘટનાઓને હિન્દુ-મુસ્લીમ એંગલ આપવાના સત્તાધારી પક્ષના પ્રયાસો સામે પણ લોકો રોષે ભરાયા છે. અને આ ઘટનાની આકરી ટીકા કરી છે. કેન્દ્રીય મંત્રી વી.કે.સિંહથી લઇને કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી સહિતના રાજકીય નેતાઓ અને સેલીબ્રીટીઓએ કથુઆની ગટનાની નિંદા કરી છે. રાહુલ ગાંધીએ રાજધાની દિલ્હીમાં ઇન્ડાયા ગેટ પર મધ્યરાત્રિએ કેન્ડલ માર્ચ પમ કરી હતી.કથુઆમાં બે મહિના પહેલાં બકરવાલ આદિજાતિની આશિફા નામની આઠ વર્ષની છોકરી પર વારંવાર બળાત્કાર કરીને તેની હત્યા કરવામાં આવી છે.આ ઘટનામાં આરોપીઓને છોડાવવા માટે સ્થાનિક વકીલો અને હિન્દુ નેતાઓ દ્વારા કરવામાં આવેલા પ્રયાસને પગલે વિવાદ વધ્યો છે.અને પોલીસે ચાર્જશીટ રજુ કરતાં પહેલાં અટકાવવાની ચેષ્ટા પણ થઇ હતી.

મંત્રી વિ.કે.સિહે કહ્યુ હતું કે આઠ વર્ષની બાળકીને ન્યાય અપાશે.મંત્રીએ કહ્યુ હતું કે અમે માણસ તરીકે નિષ્ફળ નિવડ્યા છીએ. કોંગ્રેસે આ ઘટનાને રાજકીય મુદ્દો ગણાવીને વડાપ્રધાન મોદીની ચુપકીદી સામે સવાલો ઉઠાવ્યા છે.કથુઆની કોર્ટમાં દાખલ કરવામાં આવેલી ચાર્જશીટ મુજબ આ બાળકીને એક અઠવાડીયા સુધી કથુઆ જિલ્લાના એક ગામમાં બંધક બનાવી રાખવામાં આવી હતી.અને તેની સાથે છ હવસખોરોએ બળાત્કાર ગુજાર્યો હતો.જમ્મુ-કાશ્મીર પોલીસના ૧૫ પાનાની ચાર્જશીટમાં આ વાતનો ખુલાસો થયો કે બકરવાલ કોમની બાળકીનું અપહરણ,રેપ અને હત્યા આ વિસ્તારના લઘુમતિ કોમને હટાવવા માટે એક આયોજનબધ્ધ કાવતરાંનો ભાગ હતો.આમાં કથુઆ સ્થિત રાસના ગામમાં દેવી સ્થળ,મંદિરના સેવાદારને અપહરણ,બળાત્કાર અને હત્યાની પાછળનો મુખ્ય સુત્રધાર બતાવવામાં આવ્યો છે.સાંઝીરામની સાથે ખાસ પોલીસ અધિકારી દીપક ખજુરીયા અને સુરેન્દ્ર વર્મા,મિત્ર પરવેસકુમાર, ઉર્ફે મન્નુ સાંઝી રામનો ભત્રીજો અને તેનો દિકરો વિશાલ જંગોત્રા ઉર્ફે શમ્મા કથિત રીતે સામેલ હોવાનું કહેવામાં આવ્યું છે.ચાર્જશીટમાં તપાસ અધિકારી હેડ કોન્સ્ટેબલ તિલક રાજ અને ઉપ નિરિક્ષક આનંદ દત્તનું નામ પણ સામેલ છે.તેમણે રામકિશોર પાસેથી કથિત રીતે ચાર લાખ રુપીયા લીધા હતા અને પુરાવાનો નાશ કર્યો હતો.

કોંગ્રેસ નેતા કપિલ સિબ્બલે વડાપ્રધાન મોદીની ટીકા કરતાં કહ્યુ હતું કે મોદીએ જ્યાં ભાજપ સત્તામાં છે તે રાજ્યોમાં મહિલાઓ સામે થતી હિંસા મામલે બોલવું જોઇએ. તેઓ ઉન્નાવ અને કથુઆની ઘટનામાં મામલે ચુપ છે.રાહુલ ગાંધીએ બળાત્કાર અને હત્યાની ઘટનાને કલ્પી ન શકાય તેવી બર્બરતા ગણાવી હતી.અને કહ્યુ હતું કે આ કેસમાં આરોપીઓને કોઇ રીતે બચાવી શકાય નહીં.ઘણી જાણીતી બોલીવુડની હસ્તીઓએ આ ઘટનાની આકરી ટીકા કરી હતી.ફરહાન અખ્તર,સોનમ કપુર,જાવેદ અખ્તર,શિરીષ કુન્દે,બાળકીના રેપ અને હત્યા માટે ન્યાયની માંગણી કરી હતી.ઉન્નાવમાં યોગી આદિત્યનાથની સરકારે ભાજપના આરોપી ધારાસભ્ય કુલદીપસિંહ સેંગરની સામે કાર્યવાહી કરવામાં કરેલા અખાડા સામે પણ લોકો રોષે ભરાયા છે.

યુપીમાં ઉન્નાવમાં યુવતી પર થયેલા ગેગરેપના કેસમાં પોલીસે ભાજપના ધારાસભ્ય કુલદિપસિંહ સેગર સામે એફઆઇઆર દાખલ કરી હતી. બીજી તરફ યુપી સરકારે ઘટનાની તપાસ સીબીઆઇને સોપવાની જાહેરાત કરી છે.જેને કેન્દ્રએ સ્વીકારી લીધી છે.જ્યાં સુધી સીબીઆઇ તપાસ પોતાની હસ્તક લેશે નહીં ત્યાં સુધી પોલીસ તપાસ જારી રાખશે. ધારાસભ્યની ધરપકડ કરવાનું કામ સીબીઆઇ કરશે.જો કે પ્રોક્સો હેઠળ આરોપીની તાત્કાલિક ધરપકડ કરવાની હોય છે.

## આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રાબાબુ નાયડુએ તેમના રાજ્યની ભાવના સાથે રમત કરનાર મોદી સરકારને દેશમાંથી અદ્દશ્ય કરી દેવાની ચીમકી આપી

ટીડીપીના અધ્યક્ષ અને આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રાબાબુ નાયડુએ પાર્ટીના સાંસદોને કહ્યુ હતું કે તેઓ આધ્રપ્રદેશના ખાસ રાજ્યનો દરજ્જો અપાવવા માટે પોતાનું વિરોધ પ્રદર્શન આક્રમક કરે.તેમણે કહ્યુ હતું કે મોદી સરકાર આધ્રપ્રદેશની ભાવનાઓ સાથે રમત કરશે તો તે દેશમાંથી અદ્દશ્ય થઇ જશે. નાયડુએ એક ટેલી કોન્ફરન્સમાં કહ્યુ હતું .અનેક દિવસોથી વારંવાર ગૃહને સ્થગિત કરાવીને સંસદમાં ભાજપ આ મુદ્દેથી બચી રહી છે.જો ગૃહની કાર્યવાહી સ્થગિત થઇ ગઇ હોય તો સાંસદોએ રાષ્ટ્રપતિને મળવું જોઇએ. ભાજપ ભાગલા પાડો અને રાજ કરોની નીતિ પર કામ કરે છે.ઉલ્લેખનીય છે કેસંસદના બજેટ સત્રના બીજા હિસ્સાનો અંતિમ દિવસ હતો ત્યારે નાયડુએ પોતાના મંત્રીઓ અને ટીડીપી ધારાસભ્યોની એક સાયકલ રેલીનું આયોજન કર્યુ હતું.તેમણે કહ્યુ હતું કે આંધ્રના લોકો ભાજપને સ્વીકારતા નથી અને હવે એવો સમય આવશે કે સમગ્ર દેશમાં તેમનો અસ્વીકાર થશે.

વાયએસઆર કોગ્રેસના પાંચ સાંસદોએ લોકસભામાંથી આંધ્રને ખાસ દરજ્જો આપવાના મુદ્દે રાજીનામા આપ્યા છે.


વિનંતી
તમારી
પ્રાર્થનામાં
અમારી
સેવાઓને ખાસ
યાદ રાખશો

અમેરીકાના બોસ્ટન શહેરમાં સૌથી જુના કમ્પ્યુટરથી લઇને વર્તમાન સમયના લેટેસ્ટ કમ્પ્યુટરનું સંગ્રહાલય આવેલું છે.
પીઝાના ટાવરનું બાંધકામ ૯૮ વર્ષ ચાલ્યું હતું.
માણસ ઉંઘ વિના ૪ દિવસને પાણી વિના ૩ દિવસ રહી શકે છે.
દુનિયાનો સૌથી ઉંચો માણસ આમ્સ્ટર્ડનનો જોનસન આલ્બર્ટ નવ ફુટ અને સાડાત્રણ ઇંચની ઉચાઇ ધરાવતો હતો.
અરબસ્તાનમાં ઠળીયા વગરની ખજુરની એક જાત થાય છે.

જાહેરાત માટે સંપર્ક કરો
આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

સામાજીક સમરસતાના પુરસ્કર્તા ભારતરત્ન ડો.બાબાસાહેબ આંબેડકરને
૧૨૭મી જન્મજયંતી ઉપક્રમે સમગ્ર ગુજરાત અર્પે છે ભાવાંજલિ

ભારતીય બંધારણના ઘડવૈયા સન્માનીય ડો.બાબાસાહેબ આંબેડકરે
ગરીબો,શોષિતો,વંચિતો અને પીડીતો માટે આપેલ અધિકારોના રક્ષણ
ગુજરાત સરકાર કટિબધ્ધ

વિદેશ અભ્યાસ લોન : અનુસુચિત જાતિના ૬૨૧ લાભાર્થીને છેલ્લા ૫ વર્ષમાં
રૂ.૮૭૫૦ લાખની લોન
કોમર્શીયલ પાયલટ તાલીમ : અનુસુચિત જાતિના ૨૪ લાભાર્થીઓને છેલ્લા પાંચ
વર્ષમાં રૂ.૫૫૦ લાખની લોન
સરસ્વતી સાધના યોજના : ધો.૯માં ભણતી અનુસુચિત જાતિની ૭૩,૮૫૯ વિધાર્થીની
ઓને છેલ્લા પાંચ વર્ષમાં રૂ.૨૧૦૯ લાખની સાયકલ સહાય
પરિક્ષિતલાલ મઝુમદાર પુર્વ એસ.એસ.સી.શિષ્યવૃત્તિ : અનુસુચિત જાતની ધો.૧થી
૫ના વિધાર્થીઓને રૂ.૫૫૦ અને ધો.૬ થી ૧૦ની વિધાર્થીઓને રૂ.૭૫૦,ધો.૬ થી ૮ના
વિધાર્થીઓને રૂ.૫૦૦ અને ધો.૯ થી ધો.૧૦માં રૂ.૭૫૦ની વાર્ષિક શિષ્યવૃત્તિ
છેલ્લા ૫ વર્ષમાં ૧૧,૨૬,૨૫૩ વિધાર્થીઓને રૂ.૪૨૬૫ લાખની શિષ્યવૃત્તિ
ડો.આંબેડકર આવાસ યોજના : અનુસુચિત જાતિના લાભાર્થીઓને શહેરી અને
ગ્રામ્ય વિસ્તારમાં મકાન સહાય વધારીને રૂ.૧.૨૦લાખ કરાઇ : છેલ્લા પાંચ વર્ષમાં
૧૮૫૨૮ લાભાર્થીઓને મળી રૂ.૨૨૧૫ લાખની મકાન સહાય
ગણવેશ માટે સહાય : ધો.૧ થી ૮ ના વિધાર્થીઓને ગણવેશ માટે રૂ.૩૦૦ સહાય
છેલ્લા પાંચ વર્ષમાં ૧૫,૦૧,૧૯૧ વિધાર્થીઓને રૂ.૪૪૮૮ લાખની સહાય
સ્વામી વિવેકાનંદ સમરસ હોસ્ટેલ : અનુસુચિત જાતિ, અનુસચિત જનજાતિ અને
વિકસતિ જાતિ અને આર્થિક રીતે પછાતવર્ગના વિધાર્થીઓ માટે અદ્યતન સવિધા
સાથેની સમરસ હોસ્ટેલ : ૫૧૫૦ કુમાર અને ૪૯૭૧ કન્યાઓને મળી કુલ ૧૦૧૨૧
વિધાર્થીઓને લાભ .... અને ઘણું બધું
બંધારણના ઘડવૈયા ડો. બાબાસાહેબ આંબેડકરને કોટી કોટી વંદન

શ્રી નીતિનભાઇ પટેલ,
નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

શ્રી વિજય રુપાણી
મુખ્યમંત્રી, ગુજરાત

# ન્યાયતંત્રની ગરિમા અને સન્માન દિનપ્રતિદિન ખાડે જઇ રહ્યા છે :સુપ્રીમ કોર્ટનું અસ્તિત્વ ખતરામાં છે : જસ્ટીસ જોસેફનો સીજેને પત્ર



ન્યાયતંત્રમાં કોલેજીયમની ભલામણો પછી પણ સુપ્રીમ કોર્ટમાં જજીસની નિયુક્તિમાં થતાં વિલંબ સામે સુપ્રીમ કોર્ટના જસ્ટીસ કુરીયન જોસેફે સવાલો ઉઠાવ્યા છે.તેમણે ચીફ જસ્ટીસ ઓફ ઈન્ડીયા દિપક મિશ્રાને લખેલા પત્રમાં ન્યાયતંત્રમાં ચાલી રહેલી સમસ્યાઓ અંગે સવાલો ઉઠાવતાં કહ્યુ હતું કે જો બધું આમજ ચાલતું રહેશે તો સુપ્રીમ કોર્ટનું અસ્તિત્વ જ ખતરામાં મુકાઈ જશે.કોલેજીયમની ભલામણો પછી સુપ્રીમ કોર્ટમાં અને હાઈકોર્ટમાં જજીસની વહેલી તકે અને યોગ્ય રીતે નિયુક્તિ થવી જરુરી છે.જો સુપ્રીમ કોર્ટ આ મામલામાં કોઈ પગલાં લેશે નહીં તો ઈતિહાસ આપણને માફ કરશે નહીં.જોસેફ લખ્યું હતું કે ન્યાયતંત્રની ગરીમા અને સન્માન દિનપ્રતિદિન ખાડે જઈ રહ્યા છે.કોલેજીયમે ફેબ્રુઆરીમાં વરિષ્ઠ વકીલ ઈન્દુ મલ્હોત્રા અને ઉત્તરાખંડ હાઈકોર્ટના ચીફ જસ્ટીસ કે.એમ.જોસેફને સુપ્રીમ કોર્ટમાં જજ તરીકે નિયુક્ત કરવાની ભલામણ કરી હતી.સરકારના આ મૌન સામે સુપ્રીમના જજીસની બેન્ચ રચીને સુઓમોટો ધોરણે સરકારને જવાબ આપવાનો સમય આવી ગયો છે.જો સરકાર કોઈ નિર્ણય ન લે તો કોર્ટે તેની સામે કન્ટેમ્પ્ટનો કેસ કરવો જોઈએ તેમ જોસેફે લખ્યુ હતું.

જસ્ટીસ જોસેફે કહ્યુ હતું કે ઈતિહાસમાં પહેલી વાર એવું બની રહ્યુ છે કે કોલેજીયમની ભલામણના ત્રણ મહિના પછી પણ નિયુક્તિ થઈ કે કેમ તેની ખબર પડતી નથી.ન્યાયતંત્રની આબરુ અને પ્રતિષ્ઠા ખરડાઈ રહી છે. કોલેજીયમની ભલામણ પર નિર્ણયો લઈને સરકારે તેમની ફરજ બજાવવી જોઈએ.

સ્વતંત્રતા પછી દેશના ઈતિહાસમાં પહેલી વાર ૧૨ જાન્યુ.સુપ્રીમના ૪ વરિષ્ઠ જજ જસ્ટીસ ચેલમેશ્વર,જસ્ટીસ રંજન ગોગોઈ,જસ્ટીસ મદન લોકુર અને જસ્ટીસ જોસેફ કુરીયને મીડીયા સામે ચીફ જસ્ટીસની મનમાની સામે બળવો કર્યો હતો.સતત કેટલાક જજો દ્વારા દેશની લોકશાહી સામે ખતરો છે તેવો અવાજ બુલંદ કરવા પાછળ દેશની જનતાને જાગૃત કરવાનો છે.

# એસસી / એસટી એક્ટમાં ફેરફાર કરાયો તેને કારણે દેશને મોટુ નુકશાન થયું છે: કેન્દ્ર સરકારે સુપ્રીમના ચુકાદાને કારણે ગુંચવણ ઉભી થઇ છે તેથી ચુકાદાની સમીક્ષા માટે અરજી કરી

દલિતોના ભારત બંધ વખતે થયેલી હિંસા બાદ કેન્દ્ર સરકારે એસસી-એસટી એક્ટ અંગે સુપ્રીમ કોર્ટના ચુકાદાની સમીક્ષા કરવા રિવ્યુ પીટીશન કરી હતી.કેન્દ્રે તેમાં કહ્યુ છે કે એસસી-એસટી એકટમાં આકરી જોગવાઈમાં ફેરફાર કરાયો તેને કારણે દેશને ઘણું નુકશાન થયું અને લોકોમાં ગુસ્સો ફેલાયો અને અશાંતિ સર્જાઈ,

કેન્દ્રએ સુપ્રીમ કોર્ટના ૨૦ માર્ચના ચુકાદા સામે કરેલી રિવ્યુ પીટીશનના સમર્થનમાં લેખિત રજુઆત કરતાં કહ્યુ હતું કે ચુકાદાને કારણે જે ગુંચવણ ઉભી થઈ છે તે આ ચુકાદાની સમીક્ષા કરીને દુર કરવી પડશે. સુપ્રીમ કોર્ટે ખુબજ સંવેદનશીલ પ્રકારના આ મુદે ચુકાદો આપ્યો છે તેમ કહીને કેન્દ્રએ કહ્યુ કે ચુકાદાને કારણે અશાંતિ સર્જાઈ છે અને દેશમાં ઉત્પાત થયો છે.,ગુસ્સો થયો છે અને અશાંતિ સર્જાઈ છે.

કેન્દ્રએ સંપુર્ણ ચુકાદાને નિરર્થક ગણાવ્યો હતો અને કહ્યુ હતું કે સુપ્રીમ કોર્ટને કાયદો ઘડવાની સત્તા નથી તેમ છતાં તે કાયદો ઘડી શકે છે તેવી રીતે વર્તી છે.એટર્ની જનરલ કે.કે. વેણુગોપાલે લેખિત રજુઆત કરતાં કહ્યુ હતું કે આ ચુકાદાને એટ્રોસીટીઝ એક્ટની જોગવાઈ બદલી નાંખી છે જેને કારણે દેશને મોટું નુકશાન થયું છે. તેને કારણે એવી ગેરસમજ થઈ છે. કે એટ્રોસીટીઝ એક્ટનો અમલ ચાલુ રહેશે કે કેમ ?તેમણે કહ્યુ હતું કે સ્થાપિત હિતોએ આ ગેરસમજ ઉભી કરી છે.

સુપ્રીમ કોર્ટનો ઈરાદો સ્પષ્ટ છે કે કોઈપણ નિર્દોષ દંડાવો જોઈએ નહીં.કાયદાની વ્યાખ્યામાં એવુ કહેવાય છે કે ૧૦૦ ગુનેગારો પૈકી ૯૯ ભલે છુટી જાય પરંતુ એક નિર્દોષને સજા ના થવી જોઈએ.હવે સરકાર અને ન્યાયતંત્ર એકબીજાની આમને સામને છે તેથી સરકાર પોતાની આબરુને બચાવવા માટે સમગ્ર દોષનો ટોપલો કોર્ટ ઉપર ઢોળી દેવા માંગે છે.સુપ્રીમ કોર્ટમાંના જજોએ સરકાર તરફથી થતી ડખલગીરીને અટકાવવા માટે પ્રેસ સમક્ષ જવું પડ્યુ છે તેથી કોર્ટને તેના ચુકાદાઓ માટે બેઆબરુ કરવાનો જે પ્રયત્ન કરાયો તે ખરેખર લોકશાહી માટે દુઃખદ બીના છે.

# અસહિષ્ણુતાથી દેશની છબી ખરડાઇ છે : દેશમાં લિબરલ વ્યક્તિ કે સંસ્થા સુરક્ષિત નથી : જસ્ટીસ ધર્માધિકારી

સામાજિક કાર્યકર્તા નરેન્દ્ર દાભોલકર અને ગોવિંદ પાનસરે હત્યા કેસની સુનાવણી કરી રહેલા જજ ધર્માધિકારીએ કહ્યુ હતું કે દેશમાં હાલ કોઈ ઉદારમતવાદી વ્યક્તિ કે સંસ્થા સુરક્ષિત નથી.દાભોલકર અને પાનેસરની હત્યાના મામલાની સુનાવણી મુંબઈ હાઈકોર્ટમાં ચાલી રહી છે. સુનાવણી દરમિયાન જસ્ટીસ ધર્માધિકારીએ જણાવ્યુ હતું કે હિંસાથી કોઈ સંસ્થાની પ્રગતિ થઈ નથી.તેમણે વધુમાં કહ્યુ હતું કે આજે ભારતની છબી એવી બની ગઈ છે કે લોકો વિચારવા લાગ્યા છે કે ઉદારમતવાદી અથવા ખુલ્લી વિચારધારા રાખનારા સુરક્ષિત નહીં રહે.વર્તમાન સ્થિતિ પર બોલતાં જસ્ટીસ ધર્માધિકારીએ કહ્યુ કે પરિસ્થિતિ એવી છે કે આંતરરાષ્ટ્રીય સંગઠન અને વિદેશી લોકો આપણી સાથે શૈક્ષણિક,સાંસ્કૃતિક સ્તર પર કાર્યક્રમ યોજતા અચકાય છે.તેમણે દાભોલકર અને પાનેસર હત્યા બાબતની સુનાવણી દરમ્યાન કહ્યુ હતુંકે બંન્નેને એક સુનિયોજીત યોજના હેઠળ ઠાર કરવામાં આવ્યા હતા.આ બંનેની હત્યા પાછળ કોઈ સંગઠનનો હાથ હોવાની આશંકા પણ તેમણે વ્યક્ત કરી હતી.


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ. શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ એ. એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪



**કાર ભાડે મળશે**



લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે



મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭

લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે





**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭



**★ નીલા ફાઇનાન્સ ★**

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨



તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.